પોલીસ કમિશનરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

-:જાહેરનામું:-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે

નંબર: વિ.શા/એ-સે/પરમીટ/જાહેરનામું/ગાંધીનગર.મ્યુ.કો.ચૂં/ત્રણથી વધુ કાર/વાહનોને સુરક્ષા (CONVOY) કાફલા અંગે/ ૪૦૮ /૨૦૨૬ તા. ૨૧/૦૯/૨૦૨૬

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૬/૦૯/૨૦૨૬ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી તા.૧૧/૧૦/૨૦૨૬ નારોજ યોજાનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના પત્ર કમાંક: ચટણ/ અચર/ ૩(૪)/ ૩૨૦૦૮૬ વર્ષ-૨૦૦૮ તથા ભારતના ચૂંટણી પંચના તા.૨૩/૧૧/૨૦૦૭ ના પત્ર કમાંક: ૪૩૭/ ૬/ ૨૦૦૬/ પીએલએન-III થી સરકારી વાહનોના ઉપયોગ સંબધે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ત્રણથી વધુ કાર/ વાહનોને સુરક્ષા (CONVOY) કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુકત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે.

હું અનુપમ સિંહ ગહલૌત, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) ચૂંટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈ પણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૨) વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) આ હુકમ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ગાંધીનગર મ્યુ.કોર્પો. વોર્ડ નંબર-૧૧ જેમાં અમદાવાદ શહેરનો ચુંટણીઓમાં સમાવિષ્ટ વિસ્તાર એરપોર્ટ પો.સ્ટે તથા ચાંદખેડા પો.સ્ટે વિસ્તાર માટે લાગુ પડશે.

(૪) આ હુકમનો ભંગ કરનાર શખ્સ અનુકમે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.

માત્ર પ્રધાનમંત્રીશ્રી અને એવી રાજકીય વ્યકિતઓ તેમજ મહાનુભાવો જ અપવાદ રૂપ રહેશે કે જેમને ઉગ્રવાદીઓ, ત્રાસવાદી પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપવામાં આવેલી હોય તેના સંદર્ભમાં ઉચ્ચ દરજ્જાની સલામતી વ્યવસ્થાની જરૂરીયાત હોય તેવી વ્યક્તિ.

આ હુકમ તા.૨૧/૦૯/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૬/૧૦/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય

ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૧/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)
(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (**C.P. Ahmedabad website** ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ **Social Media** પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(૩૦) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.